**R.C.S NO.551/2021**
**JUDGEMENT**

રજુ તારીખઃ  ૨/૯/૨૦૨૧
દાખલ તારીખઃ ૨/૯/૨૦૨૧
નિકાલ તારીખઃ ૧૨/૩/૨૦૨૨
અવધિઃ        વર્ષ   માસ     દિવસ

**રે. દિવાની કેસ  નંબર :–  ૫૫૧/૨૦૨૧**
આંક.

**મહે. ચોથા અધીક સીવીલ જજ તથા જયુડી. મેજી. ફ. ક. સાહેબ, સુરત ની કોર્ટ**

**માં, તા. જી. સુરત**

વાદી.   ૧.   નવીનભાઈ ઠાકોરભાઈ રાઠોડ

રહે. વનિતાવિશ્રામ કમ્પાઉન્ડ, અઠવાલાઈન્સ, સુરત

વિરૂઘ્ધ

પ્રતિવાદીઃ–   ૧.   વનિતાવિશ્રામ, એક પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ

ઠે. વનિતાવિશ્રામ, અઠવાલાઈન્સ, સુરત

દાવો :–   એડમીનીસ્ટ્રેશન નો તથા ડેકલેરેશન તેમજ મનાઈ હુકમ વિગેરે નો.

---

વાદી તરફે વિ. વ.શ્રી.   :–   પી. કે. પટેલ
પ્રતિવાદી  તરફે વિ.વ. શ્રી   :–   હર્ષદ એસ. પંડયા

---

**// ઠરાવ //**

**૧.**   વાદીના દાવાની ટૂકમાં હકિકતો નીચે મુજબની છે.

આ કામના પ્રતિવાદી એક પબ્લીક ટ્રસ્ટ છે જે મહીલા કેળવણી અને સશકિતકરણ ની પ્રવૃતી સાથે સંકળાયેલી સો કરતા વધારે વર્ષ જુની સંસ્થા છે. સદરહુ ટ્રસ્ટની માલીકી, વહીવટ ની મીલ્કત, શહેર સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમા, સીટી સર્વે વોર્ડ અઠવાના નોંધ નં. ૪૦૨, ૪૦૩, ૪૦૫, ૪૦૬, ૪૪૦ થી ૪૪૮, ૩૬૦, ૩૮૪ થી નોંધાયેલ ટી.પી. સ્કીમ નંબર ૫ (અઠવા–ઉમરા) મા સમાવેશ થતા ટી.પી. સ્કીમ અન્વયે આપવામા આવેલ ફાઈનલ પ્લોટ નં. ૬૦૧ થી નોંધાયેલ સ્થાવર મીલ્કત ચાલી આવેલ છે. સદરહુ મીલ્કતના કેટલાકભાગમા સંસ્થા દવારા બાંધવામા આવેલા વનીતા વિશ્રામ સ્ટાફ કવાટર્સ તરીકે ઓળખાતા કાચા પાકા મકાનો આવેલા છે જે પૈકીનુ એક મકાન, પ્રતિવાદી સંસ્થા તરફથી વાદીઓના વડવાઓને ઘણા વર્ષો પહેલા વસવાટના હેતુસર મહેરબાની રાહે આપેલ હતુ જે આ કામમા દાવાવાળી મીલ્કત છે. સદરહુ પ્ર તિવાદીની મીલ્કત ઉપર મહીલા કેળવણી માટે જુદી જુદી શાળાઓ, કોલેજ અને હોસ્ટેલ વિગેરે ચાલી આવેલ છે તેમજ સંસ્થા પાસે આવેલ મેદાનમા મેળ વગેરેનુ આયોજન કરી પ્ર તિવાદી સંસ્થા ઘણી મોટી રકમ ભાડાની આવક મેળવતી આવેલ છે. પ્રતિવાદી સંસ્થાને તા. ૩૧/૩/૨૦૨૧ થી ગુજરાત સરકાર દવારા પ્રાઈવેટ યુનીર્વસીટીનુ સ્ટેટસ આપવામા આવેલ છે એ તે રીતે ગુજરાતની પ્રથમ મહીલા યુનીર્વસીટી અસ્તિત્વમા આવેલ છે. વાદીના વડવાને ઘણા વર્ષો અગાઉ રહેમરાહે રહેણાંકના હેતુ સર સંસ્થાના સંચાલકો દવરા દાવાવાળી મીલ્કત આપવામા આવેલ છે અને તેમા વાદીઓના વડવાઓ વખતથી પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલી આવેલ છે. આ મીલ્કતમા અલાયદુ લાઈટબીલ, તથા વેરાબીલ વગેરે વાદી દવારા ભરવામા આવે છે. ત્યારબાદ સંસ્થાને જગ્યાની જરુર હોય,

તેઓ દવારા વખતો વખત દાવાવાળી મીલ્કતનો વપરાશ બંધ કરીને કબજો સોંપી દેવા માટે જણાવવામા આવતા તથા તે અંગેની નોટીસ આપતા, વાદી પાસે રહેણાંકની અન્ય કોઈ વ્યવસ્થાના હોય, તેમજ વાદીની આર્થીક સ્થીતી નબળી હોય, વાદીએ હાલનો દાવો લાવીને, આ મીલ્કત પરના પોતાના કબજા ભોટવટામા પ્રતિવાદી વિધાઉટ ડ્યુ પ્રોસ ેસ ઓફ લો, કબજામા અંતરાય અવરોધ કરે કરાવે નહી તેવુ જાહેરાત તથા મનાઈ હુકમ ફરમાવવા તેમજ જો કોઈ સંજોગોમા કોર્ટ દાવાવાળી મીલ્કતનો કબજો મેળવવા પ્રતિવાદી હકકદાર હોવાનુ જણાઈ આવે તો, વાદીને માલીકી હકકે વૈકલ્પીક જગ્યા ફાળવ્યા વિના વાદીા કબજા ભોગવટાની મીલ્કતનો કબજો લે લેવડાવે નહીતેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

ત્યારબાદ આ કામમા પ્રતિવાદઓને ધોરણસરના સમન્સ બજી જતા તેઓ પોતાના વિદવાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમા હાજર થયેલા છે તેમજ આંક ૯ થી પોતાનો જવાબ રજુ કરેલો છે.

ત્યારબાદ સદરહુ કામમા બંન્ને પક્ષકારોને સમાધાન માટે પ્રયાસો કરવામા આવતા, તેના ભાગ સ્વરુપે હાલના કામમા તકરારોનો સુખદ અંત આવી શકે તે હેતુ થી તા. ૫/૩/૨૦૨૨ ના રોજ કન્ટીન્યુઅસ લોક અદાલતમા આ કામ મુકવામા આવેલ અને ત્યારબાદ, બંન્ને પક્ષે સમાધાન થતા હાલના કામમા આંક ૧૮ થી સમાધાન રજુ કરીને જણાવેલ છે કે, કન્સીલીએટરો દવારા બંન્ને પક્ષકારોને સમજાવતા વાદીની સ્ટાફ કવાર્ટસ વાળી જગ્યા વનિતા વિશ્રામ ટ્રસ્ટનના સર્વાંગી વિકાસ માટે જો ટ્રસ્ટના ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજા હેઠળ મુકવામા આવે તો વનિતા વિશ્રામના શૈક્ષણીક સંકુલનો

નવી સ્થયાપેલી મહીલા યુનીર્વસીટીનો ખુબજ ઝડપી સર્વાંગી વિકાસ થઈ શકે તેમ છે અને તેથી, પ્રતિવાદી ટ્રસ્ટ વનિતા વિશ્રામ ટ્રસ્ટ નાઓએ આ કામના વાદી ના કબજામા હાલ સ્ટાફ કવાર્ટસ ની જે જગ્યા આવેલ છે તે જગ્યા બદલમા અન્ય કોઈ ઠેકાણે, રહેણાંક લાયક યોગ્ય સગવડતા ધરાવતી વૈકલ્પીક વ્યવસ્થા માલીકી ધોરણે પુરી પાડવાની રહેશે અને તે બદલમા વાદીએ પોતાનો દાવાવાળી જગ્યા પરનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ટ્રસ્ટને તાત્કાલીક ધોરણે સુપરત કરવાનો રહેશે તેમજ વાદીને વૈકલ્પીક જગ્યા ફાળવવામા આવે તે જગ્યાના કાયદેસરના લખાણો વાદીના લાભમા પ્રતિવાદી ટ્રસ્ટનાઓએ પોતાના ખર્ચે કરાવી આપવાના છે તેમજ  સહી અને દસ્તાવેજ થયેથી વાદીએ તાત્કાલીક કબજો સુપ્રત કરી દેવાનો રહેશે. જો વાદી તેમ કરવામા કસુર કરે તો પ્રતિવાદી ટ્રસ્ટ કોર્ટ કમીશનરની નીમણુંક કરાવીને તેમના મારફતે કબજો મેળવવા હકકદાર રહેશે. અને તે મુજબ સમાધાન કરેલ છે તેવુ જણાવેલ છે તેમજ સમાધાન મુજબ ડીક્રી કરી આપવા સારુ અરજ કરેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા બંન્ને પક્ષો હાલ દાવો આગળ ચલાવવા માંગતા ન હોય, સદરહુ દાવા મા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## <u>//   આખરી હુકમ //</u>

૧. વાદીની દાવા–અરજી આથી અંશત: મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદરહુ કામમા પ્રતિવાદી ટ્રસ્ટ નાઓએ પોતાના ખર્ચે વાદીઓને માલીકી હકકે, વૈકલ્પીક રહેણાંકની વ્યવસ્થા કરી આપવાની રહેશે અને આવી વૈકલ્પીક જગ્યાનો કબજો

તથા માલીકી મળી જાય એટલે વાદીએ તાત્કાલીક ધોરણે દાવાવાળી મીલ્કત પરનો પોતાનો પ્રત્યક્ષ, ખાલી અને શાંત કબજો, પ્રતિવાદી ટ્રસ્ટને સોંપી આપવો તેવો હુકમ કરવામા આવે છે.

૩. પક્ષકારોએ પોતપોતાનું ખર્ચ જાતે ભોગવવું.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

૫. નીયમ મુજબ કોર્ટ ફી રીફન્ડ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૩/૨૦૨૨
મુ. સુરત

**(ધર્મિષ્ઠા રવિ ઠાકુર)**
ચોથા એડી.સીવીલ જજ,
મુ. સુરત.
જજ કોડ નં.જીજે૦૧૨૪૧